# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૯૫ તા.૨૯.૧૦.૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૨/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજા ગામ – સુત્રેજ

સબડીવીઝન: કેશોદ ગ્રામ્ય-૨

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૦૯.૧૦.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૧૦.૨૦૨૦ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર ની જમીન જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાનાસરસાલી ગામે અમારી સ્વતંત્ર ખાનગી માલિકીની ખેતીની જમીન વેચાણથી લીધેલ છે જે જમીનમાં અમારી અગાઉના માલિક શ્રી લખમણ નથુ વાજા ના નામથી ખેતીવાડી તથા રેહણાક વપરાશના વીજ કનેક્શનો આવેલ છે જેના ગ્રાહક નંબરો નીચે પ્રમાણે છે.

(૧) ૮૪૨૪૪/૦૦૧૫૦/૬ એ-૧

(૨) ૮૪૨૪૪/૦૦૦૨૧/૬ આરએલ

(૩) ૮૪૨૪૪/૦૦૦૯૧/૭ આરએલ

ઉપરોક્ત વીજ કનેક્શનો અમારી ખાનગી માલિકીની ખેતીની જમીનમાં આવેલ છે તેમજ અમો હાલ બહારગામ રહેતા હોય જેથી અમારી ગેરહાજરીમાં ઉપરોક્ત વીજ કનેક્શનો માંથી આડોશી-પાડોશી તથા અન્ય વીજચોરો દ્વારા આ કનેક્શનનો વીજળીનો અન્ય જગ્યાએ ગેરધોરણે દુરુપયોગ, ગેરરીતી,વીજચોરી અન્યો દ્વારા ગેરધોરણે કરવામાં આવે છે જેથી હાલ અમારી ખાનગી માલિકીની ખેતીની જમીનમાં આવેલ વીજજોડાણો તાત્કાલિક અસરથી કેન્સલ રદ કરી તે અંગે અમોને લેખિત જાણ કરવા બાબત.અમો ઉપર લખ્યા અરજદાર એ પ્રતિ શ્રી નાયબ ઇજનેર પીજીવીસીએલ કચેરી,કેશોદ ને તારીખ ૧૦/૦૫/૨૦૧૯ થી અમારી માલિકીના આધાર પુરાવા સોગંદનામા સાથે લેખિતમાં અરજી કરેલ છે.

જે અંગે પીજીવીસીએલ કચેરી કેશોદ રૂરલ-૨ ના ઇનવર્ડ નંબર ૬૧૦ તારીખ ૧૯/૦૬/૨૦૧૯ થી અમારી અરજી સ્વીકારેલ છે ત્યાર બાદ લાંબા સમય સુધી કશી જ કાર્યવાહી કરવામાં ના આવતા અમોએ મૌખીક માં વારંવાર રજૂઆત કરવામાં આવતાં પીજીવીસીએલ કચેરી દ્વારા તારીખ ૦૬/૦૮/૨૦૧૯ ના રોજ ર.જી.પો.એ.ડી. પત્ર થી અમારી જમીનના  અમારી અગાઉના જુના માલિક શ્રી લખમણ નથુ વાજા ને ર.જી.પો.એ.ડી. થી ઉપરોક્ત કનેક્શનનો તથા અમારી અરજી સંદર્ભે બાબતે શિફ્ટીંગ કરાવી લેવાની તેમજ રદ કરવા અંગેની લેખિત જાણ કરેલ છે પરંતુ તે અંગે તેને નકલ પણ બજેલ છે. પરંતુ લખમણ નથુ વાજા દ્વારા કોઇ જ પ્રકારનો લેખિત કે મૌખિક જવાબ પણ આપવામાં આવેલ નથી અને તેમને બજેલ નકલ અમોને મોકલી આપવામાં આવેલ છે. તેનો આજે ઘણો જ લાંબો સમયવહી જવા છતાં નાયબ ઈજનેર ગ્રામ્ય-૨ પેટા વિભાગીય કચેરી કેશોદ દ્વારા અમારી ઉપરોક્ત અરજી રજૂઆત અન્વયે અમારી ખાનગી માલિકીની જમીનમાં આવેલ વીજ જોડાણો કેન્સલ કે રદ કરેલ નથી. કે અમારી અરજી અંગે કોઇ જ પ્રકારનો સંતોષ કારક નિકાલ કરેલ નથી જે ધ્યાને લઇ અમારી આ ફરિયાદને યોગ્ય નિવારણ કરવા તેમજ અમારી માંગણી મુજબ અમારી ખાનગી માલિકીની જમીનમાં આવેલ ઉપરોક્ત વીજ કનેક્શનો કેન્સલ,રદ કરવા હુકમ કરવા નમ્ર વિનંતી છે

અમારી આ અરજી સંબંધે મળી શકતી તથા અપાવી શકાતી સઘળી વિશેષ દાદ આપવા/અપાવવા મહેરબાની કરશોજી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોક્ત વિષયના અનુસંધાને આપના સંદર્ભ (૨) ના પત્ર ના અન્વયે શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજા, રહેવાસી-સુત્રેજની ફરિયાદ અરજીના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા અરજદાર દ્વારા માંગરોળ તાલુકાના સરસાલી ગામે સર્વે નં. ૩૬૬ અને ૩૭૯ માં આવેલ એક ખેતીવાડીનું વિજ કનેક્શન નં.૮૪૨૪૪૦૦૧૫૦/૬ અને અન્ય બે ઘરવપરાશના વિજ કનેક્શનો (૧) ૮૪૨૪૪૦૦૦૨૧/૬ અને (૨) ૮૪૨૪૪૦૦૦૯૧/૭ માં ગેરધોરણે દુરઉપયોગ/ ગેરરીતી/વિજચોરી થતી હોવા અને આ વિજ જોડાણો રદબાતલ કરવા ફરિયાદ અરજી પાઠવેલ.. આથી સરસાલી ગામ અમારી કેશોદ

વિભાગીય કચેરી ની કેશોદ (ગ્રામ્ય-૨) પેટા વિભાગીય કચેરી હેઠળ આવતું હોઈ નાયબ ઈજનેર-કેશોદ (ગ્રામ્ય-૨) ને સંદર્ભ (૩) ના પત્ર થી તલસ્પર્શી ચકાસણી કરી વિગતવાર હકીકતલક્ષી અહેવાલ પાઠવવા જણાવેલ.

૩.૧ આથી નાયબ ઈજનેર-કેશોદ (ગ્રામ્ય-૨) દ્વારા ચકાસણી કરાતા શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજા દ્વારા ઉપરોક્ત ત્રણ વિજ કનેક્શનો જે લક્ષ્મણ નથું ના આવેલા છે તે ત્રણે વિજ કનેક્શન રદ (પી.ડી.સી.) કરવાની લેખિત અરજી તેમની માલિકીની જમીનના પુરાવા માટે રેવન્યુ દસ્તાવેજો ૭-૧૨, ૮અ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અને રૂ.૨૦ ના સ્ટેમ્પ પર નોટરી કરાયેલ સોંગંદનામું વગેરે સાથે કચેરીમાં કરવામાં આવેલ પરંતુ તેમાં મૂળ માલિક લક્ષ્મણ નથું નું સદર વિજ કનેક્શનો રદબાતલ કરવા સબબનું નોટરાઈઝડ સંમતિ પત્રક ન જોડેલ હોઈ આ રદબાતલ કરવાની પ્રાક્રીયા ન કરાયેલ. પરંતુ આ અરજીના અનુસંધાને શ્રી લક્ષ્મણ નથું ને પત્ર નં ૨૮૧૩, તા.૦૬.૦૮.૧૯ અને પત્ર નં.૩૦૬, તા.૨૦.૦૧.૨૦ થી જો તેમના દ્વારા ઉપરોક્ત સર્વે નં. વાળી જમીન શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજા ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચેલ હોય તો તેમના નામના ઉપરોક્ત ત્રણ વિજકનેક્શનો તેમની અન્ય માલિકીની જગ્યા એ શીફ્ટીંગ કરવાની કાર્યવાહી કરવા અને અન્યથા જો જરૂર ન હોય તો સદર વિજ કનેક્શનો રદ કરવાની અરજી તેમના નોટરાઈઝડ સોગંદનામાં અને સંમતી સાથે પાઠવવા જણાવેલ જેથી શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજાની અરજીના અનુસંધાને આગળની યોગ્ય કાર્યવાહી થઇ શકે જે બાબતે શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજાને પત્ર નં. કે.એસ.ડી./આર-૨/૩૦૭, તા.૨૦.૦૧.૨૦૨૦ થી જાણ પણ કરાયેલ .

૩.૨ આ બાબતે પ્રતિસાદ ન સાંપડતા તા.૧૧.૦૨.૨૦૨૦ ના રોજ નાયબ ઈજનેર-કેશોદ (ગ્રામ્ય-૨) દ્વારા સ્થળ ખરાઈ કરતા ઉપરોક્ત સર્વે ન.માં શ્રી લક્ષમણભાઈ નથુભાઈ વાજા ની ખેતીવાડીની જમીન આવેલી છે અને તેઓ વાડીએ જ કાયમી ધોરણે મકાન અને રહેણાંક ધરાવે છે. જ્યાં તેઓ ૮૪૨૪૪૦૦૧૫૦/૬ થી ખેતીવાડીનું A1 ટેરીફનું ૫ હો.પા.નું વિજ કનેક્શન અને વિજ કનેક્શન નં.૮૪૨૪૪૦૦૦૯૧/૭ થી ઘરવપરાશ નું વિજ કનેક્શન ધરાવે છે અને વિજબીલો પણ નિયમિત ભરપાઈ કરી આપે છે. જયારે ત્રીજું ૮૪૨૪૪૦૦૦૨૧/૬ ગ્રાહક નંબર વાળું વિજ કનેક્શન ત્યાં મળી આવેલ નહિ. આ ઉપરાંત ઉપરોક્ત સ્થળે કોઈ ગેરરીતી કે વીજચોરી થતી પણ માલુમ પડેલ નહિ. આ સ્થળ તપાસ ચતુર્સીમાં સાથે અન્ય પાંચ ગ્રામ્યજનોની હાજરીમાં કરેલ જેની એક નકલ પણ આ સાથે સામેલ છે. વળી શ્રી લક્ષમણભાઈ નથુભાઈ વાજાના જણાવ્યા અનુસાર શ્રી અરશીભાઈ કેશુભાઈ સુત્રેજાએ ખોટા કુલમુખત્યારનામું ઉભું કરી તેના આધારે બોગસ વેચાણ દસ્તાવેજ ઉભા કરેલ હોઈ તેમના દ્વારા નામદાર માંગરોળ કોર્ટમાં ૧૩૯/૨૦૦૭ થી ફોજદારી કેસ દાખલ કરેલ છે. શ્રી લક્ષમણભાઈ નથુભાઈ વાજા દ્વારા અગાઉ પણ તા.૦૫.૦૧.૨૦૧૯ ના રોજ તેમણે ઉપરોક્ત ખાતા નં. ૫૯૫ વાળી જમીન પર આવેલ વિજ કનેક્શન નામ બદલવા તથા અન્ય જગ્યાએ બદલી નાખવા સામે વાંધા અરજી પાઠવાયેલ છે. આમ આ સમગ્ર વિવાદ કોર્ટ માં પડતર છે. આ સમગ્ર મામલાને નજરમાં લઇ નાયબ ઈજનેર- કેશોદ (ગ્રામ્ય-૨) દ્વારા કરાયેલ નમ્ર અને વિનંતી સહ કરાયેલ સુચન મુજબ સી.જી.આર.એફ. કમિટીની મીટીંગ માં શ્રી લક્ષમણભાઈ નથુભાઈ વાજાને ઉપસ્થિત રાખી તેમની રજૂઆત અને તેમના આધાર પુરાવા પણ ધ્યાને લેવા જોઈએ.

3.3 આ સાથે નાયબ ઈજનેર –કેશોદ( ગ્રામ્ય-૨) ના સંદર્ભ (૪) ના પત્ર તથા તેમના દ્વારા કરાયેલ સ્થળ રોજકામ અને શ્રી લક્ષ્મણભાઈ નાથુભાઈ વાજા, રહેવાસી-સરસાલી ની તા.૦૫.૦૧.૨૦૧૯ ની અરજીની નકલ આપની જરૂરી જાણ અને આગળની યોગ્ય કાર્યવાહી અર્થે આ સાથે સાદર પાઠવીએ છીએ.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબત માં અરજદારશ્રી પીજીવીસીએલ કંપની ના ગ્રાહક ન હોવાથી આ ફોરમ દ્વારા સાંભળી શકાય નહીં.

૪.૨ સદર બાબત કોર્ટ કેશ હોય અને નામ ફેર કરવાનું થતું હોય અત્રે ના ફોરમ દ્વારા કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯